**SADAKWALA®**
**ADVOCATES**

**KASHYAP S. SADAKWALA**
B.Sc., LL.B., LL.M. (UK)
9909013095

**SURESH SADAKWALA**
B.Sc., LL.B.
9825128554

☎ (0261) 2325063
124,125,126, 1st Floor, Singapuri Wadi Complex, Salabatpura, SURAT.
Email: kashyapssadakwala@gmail.com

Ref.

Date : 01 / 12 /2020

# TITLE REPORT

KASYAP S. SADAKWALA Reg. No. G/1477 SADAKWALA TM ADVOCATE

**મિલકતઃ-** મોજે અલથાણના રે.સ.નં. ૪૧, બ્લોક/સરવે નંબર ૪૮/અ/૧, ટી.પી. સ્કીમ નંબર ૨૮ ના ફાયનલ પ્લોટ નંબર ૩૪ વાળી બિનખેતીની જમીન જે **પૃથ્વીરાજ રેસીડેન્સી** ના નામથી ઓળખાય છે તે જમીન.

**પ્રવિણસિંહ મોહનસિંહ સોલંકી,** રહેવાસી, ૮૨-૮૩, રવિરાજ સોસાયટી, પુષ્પવાટીકા પાસે, ન્યુ સીટીલાઈટ, સુરતનાંએ મારી પાસેથી ઉપરોકત મિલકત અંગે ટાઈટલ રીપોર્ટની માંગણી કરેલ છે. તે અંગે મારો રીપોર્ટ નીચે મુજબ છે.

મે. નીચે જણાવેલ દસ્તાવેજો તપાસ્યા છે.

| | |
|---|---|
| ૧. | ૭/૧૨ નકલ ૧૯૪૭ થી આજદીન સુધીની |
| ૨. | ગામ નમુના નંબર ૬ (હકકપત્રક) એન્ટ્રી નંબર |
| ૩. | મંજુર પ્લાન તથા રજાચિઠ્ઠી તારીખ ૦૬/૧૧/૨૦૧૮ |
| ૪. | એન. એ. ઓર્ડર તારીખ ૧૭/૦૪/૨૦૦૮ |

ઉપરોકત દસ્તાવેજો તપાસતા માલુમ પડે છે કેઃ-

સુરત ડિસ્ટ્રીકટ, મુળ તાલુકો ચોર્યાસી, મોજે અલથાણના રે.સ.નં. ૪૧ વાળી ખેતીની જમીન મુળ મોહનસિંહ માનસિંહની માલિકીની ચાલી આવેલી. તેમણે મજકુર જમીન તેમની પત્ની જીવીબેન મોહનસિંહને બિનઅવેજી ટ્રાન્સફર કરેલી. તે અંગેની નોંધ ગામ નમુના નંબર ૬ હકપત્રકમાં એન્ટ્રી નંબર ૫૧૬ થી તારીખ ૨૨/૦૭/૧૯૫૬ ના રોજ કરવામાં આવેલ, જે તારીખ ૦૯/૧૦/૧૯૫૬ ના રોજ નોંધાયેલ છે.

ત્યારબાદ મોહનસિંહ માનસિંહના નામે ચાલતી જમીન તેમજ તેમના એકત્ર કુટુમ્બના સભ્યોના નામે ચાલતી અન્ય જમીનો સહિત મજકુર રે.સ.નં. ૪૧ વાળી જમીનની તેમની તથા તેમના એકત્ર કુટુમ્બના સભ્યો વચ્ચે વહેંચણ કરવામાં આવેલી. મજકુર વહેંચણની રૂએ મજકુર રે.સ.નં. ૪૧ વાળી ૩ એકર ૧૯ ગુંઠા જમીન જીવીબેન મોહનસિંહના હિસ્સે આવેલી. મજકુર વહેંચણ અંગેની નોંધ ગામ નમુના નંબર ૬ હકપત્રકમાં એન્ટ્રી નંબર ૭૬૫ થી તારીખ

KASYAP S. SADAKWALA
Reg. No.
G/1477
SADAKWALA™
ADVOCATE

૨૬/૧૧/૧૯૭૦ ના રોજ કરવામાં આવેલ, જે તારીખ ૨૩/૦૨/૧૯૭૧ ના રોજ પ્રમાણીત થયેલ છે.

ત્યારબાદ અલથાણ ગામે એકત્રીકરણ યોજના લાગુ પડતા મજકુર રે.સ.નં. ૪૧ વાળી જમીનનો બ્લોક નંબર ૪૮ બનેલો. એકત્રીકરણ અંગેની નોંધ ગામ નમુના નંબર ૬ હકપત્રકમાં એન્ટ્રી નંબર ૧૨૦૦ થી તારીખ ૨૧/૦૬/૧૯૮૩ ના રોજ કરવામાં આવેલ, જે તારીખ ૧૨/૧૦/૧૯૮૩ ના રોજ પ્રમાણીત થયેલ છે.

ત્યારબાદ જીવીબેન મોહનસિંહ તારીખ ૧૮/૦૫/૧૯૮૬ ના રોજ ગુજરી જવાથી મહેસુલી રેકર્ડમાંથી તેમનું નામ કમી કરી તેમના સીધી લીટીના વારસદારો (૧) મોહનસિંહ માનસિંહ, (૨) વિરમસિંહ મોહનસિંહ, (૩) ઈશ્વરસિંહ મોહનસિંહ, (૪) દિલીપસિંહ મોહનસિંહ, (૫) ગેમલસિંહ મોહનસિંહ, (૬) પ્રવિણસિંહ મોહનસિંહ, (૭) શાંતાબેન છત્રસિંહ, (૮) ગુલાબબેન રાયસીગ, (૯) જશુબેન માનસિંહ તથા (૧૦) વશુબેન ભુલાભાઈના નામો મહેસુલી રેકર્ડમાં દાખલ કરવામાં આવેલાં. તે અંગેની નોંધ ગામ નમુના નંબર ૬ હકપત્રકમાં એન્ટ્રી નંબર ૧૨૬૫ થી તારીખ ૧૮/૦૭/૧૯૮૭ ના રોજ કરવામાં આવેલ, જે તારીખ ૨૩/૦૨/૧૯૮૮ ના રોજ પ્રમાણીત થયેલ છે.

ત્યારબાદ (૧) મોહનસિંહ માનસિંહ, (૨) ઈશ્વરસિંહ મોહનસિંહ, (૩) દિલીપસિંહ મોહનસિંહ, (૪) ગેમલસિંહ મોહનસિંહ, (૫) શાંતાબેન છત્રસિંહ, (૬) ગુલાબબેન રાયસીગ, (૭) જશુબેન માનસિંહ તથા (૮) વશુબેન ભુલાભાઈએ મજકુર જમીનમાંનો તેમનો હિસ્સો પ્રવિણસિંહ મોહનસિંહની તરફેણમાં તારીખ ૩૦/૧૦/૧૯૮૯ ના અરસામાં કોઈપણ જાતનો અવેજ લીધાં વિના છોડી દીધેલો.

ત્યારબાદ વિરમસિંહ મોહનસિંહ સોલંકીએ મજકુર જમીનની હદહુદથી વહેંચણ કરાવવા સુરતની દિવાની કોર્ટમાં (સ્પેશીયલ દિવાની મુકદમાં નંબર ૪૧૩/૮૯) રેગ્યુલર દિવાની મુકદમાં નંબર ૧૫૯૩ સને ૧૯૯૪ નો દાવો કરેલો તે દાવામાં તારીખ ૦૧/૦૮/૧૯૯૬ ના રોજ તે દાવાના પક્ષકારો વચ્ચે થયેલ સમાધાન મુજબ વહેંચણનું છેવટનું હુકમનામું કરવામાં આવેલ. મજકુર હુકમનામાની રૂએ વિરમસિંહ મોહનસિંહને સરવે નંબર ૪૧, બ્લોક નંબર ૪૮ પૈકી ૨૮૧૨ સ.ચો.મી. ક્ષેત્રફળની તથા ગેમલસિંહ મોહનસિંહને ૫૬૨૫ સ.ચો.મી. ક્ષેત્રફળની તથા પ્રવિણસિંહ મોહનસિંહને ૫૬૨૫ સ.ચો.મી. ક્ષેત્રફળની જમીન માલિકી હકે આપવામાં આવેલ.

KASYAP S. SADAKWALA
Reg. No. G/1477 TM
SADAKWALA
ADVOCATE

વહેંચણના મજકુર હુકમનામાની રૂએની ફેરફાર નોંધ ગામ નમુના નંબર ૬ હકપત્રકમાં એન્ટ્રી નંબર ૧૫૮૮ થી તારીખ ૨૫/૦૭/૧૯૯૭ ના રોજ કરવામાં આવેલ, જે તારીખ ૨૮/૧૦/૧૯૯૭ ના રોજ પ્રમાણીત થયેલ છે.

ત્યારબાદ સુરત સીટી તાલુકાની રચના થતાં સુરતમહાનગરપાલિકાના ૧ થી ૧૨ વોર્ડ તથા મોજે અલથાણ ગામ સહિતના કુલ ૩૩ ગામોનો સમાવેશ શહેરી વિસ્તારમાં થતાં મોજે અલથાણ ગામનો સમાવેશ સુરત સીટી તાલુકામાં થયેલ. તે અંગેની ફેરફાર નોંધ ગામ નમુના નંબર ૬ હકપત્રકમાં એન્ટ્રી નંબર ૧૮૦૦ થી તારીખ ૧૭/૦૮/૨૦૦૦ ના રોજ કરવામાં આવેલ, જે તારીખ ૧૦/૦૧/૨૦૦૧ ના રોજ પ્રમાણીત થયેલ છે.

ત્યારબાદ વિરમસિંહ મોહનસિંહ તારીખ ૦૪/૦૩/૨૦૦૨ ના રોજ બિનવસીયત ગુજરી ગયેલાં. તેઓ ગુજરી જવાથી મોજે અલથાણના બ્લોક નંબર ૪૮ વાળી જમીનના મહેસુલી રેકર્ડમાંથી વિરમસિંહ મોહનસિંહનું નામ કમી કરી તેમના હિસ્સાની જમીનમાં (૧) સુશીલાબેન તે વિરમસિંહ મોહનસિંહની વિધવા, (૨) વિરેન્દ્રસિંહ વિરમસિંહ, (૩) ઘનશ્યામસિંહ વિરમસિંહ, (૪) ભુપેન્દ્રસિંહ વિરમસિંહ તથા (૫) મીનાક્ષીબેન વિરમસિંહના નામો દાખલ કરવામાં આવેલાં. તે અંગેની ફેરફાર નોંધ ગામ નમુના નંબર ૬ હકપત્રકમાં એન્ટ્રી નંબર ૧૯૨૯ થી તારીખ ૨૩/૦૧/૨૦૦૩ ના રોજ કરવામાં આવેલ, જે તારીખ ૨૮/૦૪/૨૦૦૩ ના રોજ પ્રમાણીત થયેલ છે.

મોજે અલથાણના બ્લોક નંબર ૪૮ વાળી જમીનના એક સહમાલિક સુશીલાબેન તે વિરમસિંહ મોહનસિંહની વિધવા તારીખ ૧૦/૦૬/૨૦૦૪ ના રોજ બિનવસીયત પોતાની પાછળ વારસમાં (૧) વિરેન્દ્રસિંહ વિરમસિંહ, (૨) ઘનશ્યામસિંહ વિરમસિંહ, (૩) ભૂપેન્દ્રસિંહ વિરમસિંહ તથા (૪) મીનાક્ષીબેન વિરમસિંહને મુકીને ગુજરી ગયેલાં. તેથી મજકુર બ્લોક નંબર ૪૮ વાળી જમીનમાંના સુશીલાબેન તે વિરમસિંહ મોહનસિંહની વિધવાના હિસ્સાના માલિક (૧) વિરેન્દ્રસિંહ વિરમસિંહ, (૨) ઘનશ્યામસિંહ વિરમસિંહ, (૩) ભૂપેન્દ્રસિંહ વિરમસિંહ તથા (૪) મીનાક્ષીબેન વિરમસિંહ થયેલાં. મજકુર વારસાઈ અંગેની નોંધ મહેસુલી રેકર્ડમાં એન્ટ્રી નંબર ૨૦૮૧ થી તારીખ ૨૬/૦૯/૨૦૦૪ ના રોજ કરવામાં આવેલ, જે તારીખ ૨૯/૧૦/૨૦૦૪ ના રોજ પ્રમાણીત થયેલ છે.

KASYAP S. SADAKWALA
Reg. No.
G/1477
SADAKWALA TM
ADVOCATE

ત્યારબાદ મોજે અલથાણના બ્લોક નંબર ૪૮ ની જમીનની હસ્તલીખીત ૭/૧૨ તથા કોમ્પ્યુટરાઈઝ ૭/૧૨ માં દર્શાવેલ ક્ષેત્રફળમાં તફાવત હતો તે સુધારવા કરવામાં આવેલ સુધારા હુકમની ફેરફાર નોંધ ગામ નમુના નંબર ૬ હકપત્રકમાં એન્ટ્રી નંબર ૨૩૦૦ થી તારીખ ૦૪/૧૦/૨૦૦૬ ના રોજ કરવામાં આવેલ, જે તારીખ ૦૮/૧૧/૨૦૦૬ ના રોજ પ્રમાણીત થયેલ છે.

ત્યારબાદ મોજે અલથાણના બ્લોક નંબર ૪૮ વાળી જમીન પૈકીની ૨૮૧૨ સ.ચો.મી. ક્ષેત્રફળની જમીન જે (૧) વિરેન્દ્રસિંહ વિરમસિંહ, (૨) ઘનશ્યામસિંહ વિરમસિંહ, (૩) ભુપેન્દ્રસિંહ વિરમસિંહ તથા (૪) મીનાક્ષીબેન વિરમસિંહની માલિકીની ચાલી આવેલી તે જમીન (૧) ઘનશ્યામસિંહ વિરમસિંહ, (૨) ભુપેન્દ્રસિંહ વિરમસિંહ, (૩) મીનાક્ષીબેન વિરમસિંહ તથા (૪) સ્વ. વિરેન્દ્રસિંહ વિરમસિંહના સીધીલીટીના વારસો (૪/એ) જયદિપસિંહ વિરેન્દ્રસિંહ સોલંકી, (૪/બી) કુલદિપસિંહ વિરેન્દ્રસિંહ સોલંકી તથા (૪/સી) જયાગૌરી વિરેન્દ્રસિંહ સોલંકી પાસેથી (૧) વિરાજ ગેમલસિંહ સોલંકી, (૨) ગેમલસિંહ મોહનસિંહ સોલંકી તે (એચયુએફ)ના કર્તા, (૩) જીજ્ઞાબેન કુંદનસિંહ પરમાર, (૪) મનીષાબેન ધનેશભાઈ શાહ તથા (૫) ધનેશ વિમલચંદ્ર શાહને સબરજીસ્ટ્રારશ્રી સુરતની કચેરીમાં નોંધાયેલા અનુક્રમ નંબર ૪૧૫૦ તારીખ ૨૦/૦૩/૨૦૦૬ તથા અનુક્રમ નંબર ૪૧૫૪ તારીખ ૨૦/૦૩/૨૦૦૬ ના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી ખરીદ કરેલ. તે અંગેની ફેરફાર નોંધ ગામ નમુના નંબર ૬ હકપત્રકમાં એન્ટ્રી નંબર ૨૩૧૪ થી તારીખ ૧૭/૧૦/૨૦૦૬ ના રોજ કરવામાં આવેલ, જે તારીખ ૦૨/૧૨/૨૦૦૬ ના રોજ પ્રમાણીત થયેલ છે.

મોજે અલથાણના બ્લોક નંબર ૪૮ વાળી જમીન પૈકીના ગેમલસિંહ મોહનસિંહ વગેરેના હિસ્સાની ટી.પી. સ્કીમ નંબર ૨૮, ફાયનલ પ્લોટ નંબર ૪૮/બી વાળી જમીન બિનખેતીના રહેઠાણના હેતુ માટે ઉપયોગ કરવા કલેકટરશ્રી સુરતે તેમના હુકમ ક્રમાંક નંબર (જે)બખ/તપસ/રજી.નં.૧૬૪૦/૦૬–૦૭ તારીખ ૩૦/૦૩/૨૦૦૭ થી આપેલ બિનખેતીની પરવાનગીના હુકમની નોંધ ગામ નમુના નંબર ૬ હકપત્રકમાં એન્ટ્રી નંબર ૨૪૦૨ થી તારીખ ૦૩/૦૪/૨૦૦૭ ના રોજ કરવામાં આવેલ, જે તારીખ ૦૪/૦૬/૨૦૦૭ ના રોજ પ્રમાણીત થયેલ છે.

KASYAP S. SADAKWALA
Reg. No. G/1477 TM
SADAKWALA
ADVOCATE

જીલ્લા ઈન્સ્પેકટર જમીન રેકર્ડઝ સુરતના હુકમ ક્રમાંક કે.જે.પી.એસ.આર/૮૮/૨૦૦૬–૦૭ તારીખ ૧૯/૦૭/૨૦૦૭ મુજબ દુરસ્તી પત્રકના આધારે બ્લોક નંબર ૪૮ વાળી જમીનની કે.જે.પી. દુરસ્તી કરવામાં આવેલ અને કે.જે.પી. દુરસ્તી મુજબ બ્લોક નંબર ૪૮ ના બે વિભાગ નંબર ૪૮/અ ક્ષેત્રફળ ૯૭૭૫ સ.ચો.મી. તથા બ્લોક નંબર ૪૮/બ ક્ષેત્રફળ ૪૨૮૮ થયેલ. તે અંગેની નોંધ ગામ નમુના નંબર ૬ હકપત્રકમાં એન્ટ્રી નંબર ૨૪૭૨ થી તારીખ ૨૧/૦૭/૨૦૦૭ ના રોજ કરવામાં આવેલ, જે તારીખ ૧૬/૦૯/૨૦૦૭ ના રોજ પ્રમાણીત થયેલ છે.

મોજે અલથાણના બ્લોક નંબર ૪૮ વાળી જમીન પૈકીના વિરાજ ગેમલસિંહ સોલંકી વગેરેના હિસ્સાની ટી.પી. સ્કીમ નંબર ૨૮, ફાયનલ પ્લોટ નંબર ૪૮/એ, સબપ્લોટ નંબર ૩ વાળી જમીન બિનખેતીના રહેઠાણના હેતુ માટે ઉપયોગ કરવા કલેકટરશ્રી સુરતે તેમના હુકમ ક્રમાંક નંબર (જે)બખ/તપસ/રજી.નં.૧૧૬૮/૦૭–૦૮ તારીખ ૧૭/૦૪/૨૦૦૮ થી આપેલ બિનખેતીની પરવાનગીના હુકમની નોંધ ગામ નમુના નંબર ૬ હકપત્રકમાં એન્ટ્રી નંબર ૨૭૧૭ થી તારીખ ૧૨/૧૨/૨૦૦૮ ના રોજ કરવામાં આવેલ, જે તારીખ ૧૭/૦૩/૨૦૦૯ ના રોજ પ્રમાણીત થયેલ છે.

જીલ્લા ઈન્સ્પેકટર જમીન રેકર્ડઝ સુરતના હુકમ ક્રમાંક કે.જે.પી.એસ.આર ૩૭/૧૧–૧૨ તારીખ ૨૮/૦૯/૨૦૧૧ મુજબ દુરસ્તી પત્રકના આધારે બ્લોક નંબર ૪૮/અ વાળી જમીનની કે.જે.પી. દુરસ્તી મુજબ બ્લોક નંબર ૪૮/અ ના બે વિભાગ બ્લોક નંબર ૪૮/અ/૧ ક્ષેત્રફળ ૭૬૩૧ સ.ચો.મી. તથા બ્લોક નંબર ૪૮/અ/૨ ક્ષેત્રફળ ૨૧૪૪ સ.ચો.મી. થયેલ. તે અંગેની નોંધ ગામ નમુના નંબર ૬ હકપત્રકમાં એન્ટ્રી નંબર ૩૧૩૭ થી તારીખ ૦૩/૧૦/૨૦૧૧ ના રોજ કરવામાં આવેલ, જે તારીખ ૦૧/૦૨/૨૦૧૨ ના રોજ પ્રમાણીત થયેલ છે. કે.જે.પી. દુરસ્તી મુજબ પ્રવિણસિંહ મોહનસિંહના નામે માલિકી હકે ચાલી આવેલી જમીનને બ્લોક/સરવે નંબર ૪૮/અ/૧ આપવામાં આવેલો છે અને ૭–૧૨ ના રેકર્ડ મુજબ તેનુ ક્ષેત્રફળ ૫૬૨૫.૫૦ સ.ચો.મી. છે.

મજકુર સરવે નંબર ૪૮/અ/૧ વાળી જમીનનું ક્ષેત્રફળ અગાઉ મહેસુલી રેકર્ડ મુજબ ખરેખર ૫૬૨૫.૫૦ સ.ચો.મી. હતુ પરંતુ ત્યારબાદ મહેસુલી રેકર્ડ ૭/૧૨ માં ક્ષેત્રફળ નોંધવામાં શરતચુક થયેલી અને મજકુર જમીનનુ ક્ષેત્રફળ મહેસુલી ૭/૧૨ ના રેકર્ડમાં ૭૬૩૧ સ.ચો.મી.

દર્શાવવામાં આવેલ તે સુધારવા મામલતદારશ્રી સુરત શહેર મજુરાના હુકમ નં ઈએસટી/ અલથાણ/ સુધારા/હુકમ/ વશી.૨૭/૨૦૧૯ તા. ૦૭/૦૨/૨૦૧૯ થી સુધારાનો હુકમ કરી મહેસુલી ૭/૧૨ ના રેકર્ડમાં ક્ષેત્રફળ સુધારી ફરી ૫૬૨૫.૫૦ સ.ચો.મી. કરવામાં આવેલ છે. તે અંગેની નોંધ ગામ નમુના નંબર ૬ હકપત્રકમાં એન્ટ્રી નંબર ૩૮૨૩ થી તારીખ ૧૮/૦૨/૨૦૧૯ ના રોજ કરવામાં આવેલ, જે તારીખ ૨૨/૦૪/૨૦૧૯ ના રોજ પ્રમાણિત થયેલ છે.

ટી.પી. સ્કીમ નંબર ૨૮ (અલથાણ–ભટાર) હેઠળ બ્લોક/સરવે નંબર ૪૮/અ/૧ વાળી જમીનના બદલામાં ફાયનલ પ્લોટ નંબર ૩૪ ની જમીન ફાળવવામાં આવેલ છે. ફાયનલ પ્લોટ નંબર ૩૪ નું ક્ષેત્રફળ ૪૧૯૫ સ.ચો.મી. છે.

અલથાણના રે.સ.નં. ૪૧, બ્લોક/સરવે નંબર ૪૮/અ/૧, ટી.પી. સ્કીમ નંબર ૨૮ ના ફાયનલ પ્લોટ નંબર ૩૪ વાળી જમીનમાં સબપ્લોટો પાડવા અંગેના લે–આઉટ પ્લાન સુરતમહાનગરપાલિકા તરફે મંજુર કરી ટીડીઓ/ડીપી–૧/નં.–૨૦૩ તારીખ ૦૬/૧૧/૨૦૧૮ થી આપવામાં આવેલ છે.

અલથાણના રે.સ.નં. ૪૧ બ્લોક/સરવે નંબર ૪૮/અ/૧, ટી.પી. સ્કીમ નંબર ૨૮ ના ફાયનલ પ્લોટ નંબર ૩૪ વાળી જમીનનો બિનખેતીના હેતુ (બહુહેતુક ઉપયોગ) માટે વપરાશ કરવા કલેકટરશ્રી સુરતે તેમના હુકમ ક્રમાંક નંબર ૩૮૫/૨૨/૨૦/૦૦૨/૨૦૧૯ થી તારીખ ૨૩/૦૭/૨૦૧૯ ના રોજ પરવાનગી આપેલ છે.

ઉપરોક્ત પરવાનગીઓના આધારે અલથાણના રે.સ.નં. ૪૧ બ્લોક/સરવે નંબર ૪૮/અ/૧, ટી.પી. સ્કીમ નંબર ૨૮ ના ફાયનલ પ્લોટ નંબર ૩૪ વાળી જમીનમાં પૃથ્વીરાજ રેસીડેન્સીના નામથી ઓળખાતા પ્લોટોનું આયોજન કરવામાં આવેલ છે.

ઉપર જણાવ્યા મોજે અલથાણના રે.સ.નં ૪૧, બ્લોક/ સરવે નં **૪૮/અ/૧,** ક્ષેત્રફળ ૫૬૨૫.૫૦ સ.ચો.મી. તથા ટી.પી. સ્કીમ નં.૨૮, ફાયનલ પ્લોટ નં. ૩૪ વાળી **૪૧૯૫** સ.ચો.મી. ક્ષેત્રફળવાળી બિનખેતીની જમીન ૭–૧૨ ના રેકર્ડમાં પ્રવિણસિંહ મોહનસિંહ સોલંકીના નામે ચાલી આવેલ છે.

મજકુર જમીન વડીલોપાર્જીત ચાલી આવેલી હોવાથી મજકુર જમીન પ્રવિણસિંહ મોહનસિંહ સોલંકીના હિન્દુ અવિભકત એકત્ર કુટુમ્બની માલિકીની છે અને પ્રવિણસિંહ

મોહનસિંહ સોલંકીએ પણ મજકુર જમીનને પોતાના હિન્દુ અવિભકત એકત્ર કુટુમ્બની માલિકીની ગણેલી છે તેથી મજકુર જમીન કે તેમાં આવેલ પ્લોટના જે વેચાણ દસ્તાવેજ કરવામાં આવે તેમાં પ્રવિણસિંહ મોહનસિંહ સોલંકી ઉપરાંત તેમના હિન્દુ અવિભકત કુટુમ્બના સભ્યોની સહિ, સંમતિ જરૂરી છે તેવો મારો અભિપ્રાય છે.

મજકુર મિલકત અંગે મે. સબરજીસ્ટ્રાર કચેરી ૩૦ વર્ષની સર્ચ લીધી છે તેની રસીદ તથા રીપોર્ટ આ સાથે આપેલ છે. મજકુર મિલકત પર કોઈ ચાર્જ યાને બોજો જણાઈ આવેલ નથી.

મજકુર મિલકત બાબત કોઈપણ કોર્ટમાં કોઈ કાયદાકીય પ્રકરણ ચાલતું નથી કે પેન્ડીગ નથી. મજકુર મિલકત પર કોઈ બેન્કીગ સંસ્થા વગેરેનો નાણાકીય ચાર્જ કે બોજો જણાય આવેલ નથી.

ઉપર જણાવ્યા મુજબ મજકુર મિલકતના ટાઈટલ કલીઅર, મારકેટેબલ અને તમામ પ્રકારના બોજામુકત છે.

તારીખ :– 01 / 12 / 2020

KASYAP S. SADAKWALA
Reg. No. G/1477
SADAKWALA™
ADVOCATE

**કશ્યપ એસ સાદકવાલા**
**એડવોકેટ**
**૧૨૪,૧૨૫,૧૨૬, સીગાપુરી વાડી,**
**સલાબતપુરા, સુરત.**